**તાપમાન**
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૩૪ | ૨૪ જુલાઈ, ૨૦૧૬, રવિવાર ; અષાઢ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## અફઘાનિસ્તાનમાં ટ્વીન બ્લાસ્ટ



કાબુલ, તા. ૨૩

અફઘાનિસ્તાનના પાટનગર કાબુલમાં આજે કરવામાં આવેલા આત્મઘાતી હુમલામાં ૬૦થી વધુ લોકોના મોત થઈ ગયા છે અને ૨૦૦થી પણ વધુ લોકો ઘાયલ થયા છે. જે પૈકી મોટી સંખ્યામાં લોકોની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ બ્લાસ્ટ બાદ ભારે અફડાતફડી મચી ગઈ હતી. હુમલાખોરોની સંખ્યા પણ ત્રણથી વધુ આંકવામાં આવી હતી. આ લોકો આત્મઘાતી બોમ્બરો હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. આ બોમ્બરો પૈકી એકે બુરખો પહેરીને ભીડમાં ઘુસી જઈને બ્લાસ્ટ કર્યો હતો. આ બોમ્બ બ્લાસ્ટ એક રેલીને ટાર્ગેટ બનાવીને કરવામાં આવ્યા હતા. રેલીમાં મોટી સંખ્યામાં દેશના લઘુમતી સિયા હજારા સમુદાયના લોકો હતા.

બ્લાસ્ટ બાદ આરોગ્ય મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ટ્વીન આત્મઘાતી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા. સાક્ષીઓના જણાવ્યા મુજબ આત્મઘાતી બોમ્બરે બુરખો પહેરેલો હતો અને કાબુલમાં લોકોની અંદર પહોંચીને આ બ્લાસ્ટ કરાયો હતો. કુલ ત્રણ આત્મઘાતી બોમ્બરો ત્રાટક્યા હતા. કાબુલના બ્લાસ્ટ બાદ ભારે અફડાતફડીનો માહોલ સર્જાઈ ગયો હતો. કાબુલના ડેમાજાંગ સર્કલ વિસ્તારમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યો હતો ત્યારે બ્લાસ્ટ કરાયા હતા. બીજા આત્મઘાતી બોમ્બરે પણ બ્લાસ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે આમાં નિષ્ફળ રહ્યો હતો. ત્રીજાને સુરક્ષા જવાનોએ ઠાર મારી દીધો હતો.

## લાપતા વિમાનનો હજુ પત્તો નહીં

નવીદિલ્હી, તા. ૨૩

૨૯ લોકો સાથે લાપત્તા થયેલા ઈન્ડિયન એરફોર્સના વિમાનને શોધી કાઢવાના પ્રયાસ ચાલી રહ્યા છે પરંતુ હજુ સુધી કોઈ ભાળ મળી નથી. બીજી બાજુ ઈન્ડિયન સ્પેસ એજન્સી દ્વારા હવે રડાર ઈમેજીંગ સેટેલાઈટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જે આ વિમાનને શોધવામાં ભૂમિકા ભજવી શકે છે. સેટેલાઈટના ડેટામાં તપાસ ચાલી રહી છે. તેનાથી ઉપયોગી માહિતી હાથ લાગી શકે છે. અત્રે નોંધનિય છે કે ચાર અધિકારીઓ સહિત ૨૯ લોકોને લઈને રવાના થયેલુ એએન-૩૨ વિમાન બંગાળના અખાત પર ગઈકાલે લાપત્તા થઈ ગયું હતું. આ સંદર્ભમાં ઉંડી શોધખોળ ચાલી રહી છે પરંતુ હજુ સુધી કોઈ માહિતી મળી નથી જેથી ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ચિંતાજનક બાબત એ છે કે લાપત્તા થયેલું વિમાન ફ્યુઅલ વગર આશરે ચાર કલાક ઉંડાણ ભરે તેવી સ્થિતિમાં હતું. ખરાબ હવામાન વચ્ચે બંગાળના અખાતમાં આ વિમાન લાપત્તા થયું હતું. એએન-૩૨ વિમાને શુક્રવારે સવારે ચેન્નાઈના તંબારામથી ઉંડાણ ભરી હતી. અંદામાન-નિકોબાર સ્થિત પોર્ટ બ્લેયર માટે આ વિમાને ઉંડાણ ભરી હતી. સવારે ૮.૪૫ વાગ્યાની આસપાસ રડારથી તેનો સંપર્ક તુટી ગયો હતો. વિમાન પોર્ટ બ્લેયર પહોંચે તે પહેલા જ લાપતા થઈ જયા ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. શોધખોળ કામગીરીમાં નૌકા સેના, કોસ્ટ ગાર્ડ, હવાઈ દળના વિમાન પણ લાગેલા છે. એરક્રાફ્ટની મદદ પણ લેવામાં આવી રહી છે.

## કાશ્મીર ખીણની વિસ્ફોટક સ્થિતિ અંગે રાજનાથની સ્થળ-સમીક્ષા



### સ્થિતિમાં વધુ સુધાર નોંધાયો : ૪ જિલ્લાઓમાંથી કરફ્યુ ઉઠાવાયો

શ્રીનગર, તા. ૨૩

કેન્દ્રિય ગૃહ મંત્રી રાજનાથસિંહ આજે જમ્મુ-કાશ્મીર પહોંચી ગયા હતા. વિરોધ પ્રદર્શન અને વ્યાપક હિંસામાં કાશ્મીર ખીણમાં હજુ સુધી ૪૫ના મોત થઈ ચુક્યા છે. એક મહિનાના ગાળામાં જ રાજનાથસિંહ બીજી વખત કાશ્મીર ખીણ પહોંચ્યા છે. સીઆરપીએફના આઠ જવાનોના પુલવામા જિલ્લામાં ત્રાસવાદી હુમલામાં મોત થયા બાદ પણ રાજનાથસિંહ આ મહિનાની શરૂઆતમાં કાશ્મીરમાં પહોંચ્યા હતા. રાજનાથસિંહે અમરનાથ યાત્રા પણ કરી હતી અને ખાસ દર્શન કર્યા હતા. કાશ્મીર પહોંચ્યા બાદ રાજનાથસિંહે બેઠકોનો દોર હાથ ધર્યો હતો. નવમી જુલાઈ બાદથી કાશ્મીર ખીણમાં જટીલ સ્થિતિ ઉભી થયેલી છે. સત્તાવાર સૂત્રોનું કહેવું છે કે સ્થિતિમાં હવે સુધારો થઈ રહ્યો છે. રાજનાથસિંહે પહોંચતાની સાથે જ તરત જ વાતચીતનો સીલસીલો હાથ ધર્યો હતો. ટોચના અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. લશ્કરી અધિકારીઓ અને અન્ય સંબંધિતો સાથે પણ રાજનાથસિંહની વાતચીત શરૂ થઈ હતી.

ઉલ્લેખનીય છે કે કાશ્મીર ખીણના ચાર જિલ્લાઓ અને શ્રીનગર શહેરના કેટલાક વિસ્તારમાંથી સંચારબંધી સંપૂર્ણપણે હટાવી લેવામાં આવી છે પરંતુ સાવચેતીના પગલાંરૂપે ખીણના અન્ય વિસ્તારોમાં સંચારબંધિ જારી રાખવામાં આવી છે.

જે વિસ્તારમાંથી સંચારબંધી ઉઠાવી લેવામાં આવી છે તેમાં બાંદીપોરા, બારામુલા, બડગામ, ગંદરબાલ જિલ્લાનો સમાવેશ થાય છે. શ્રીનગર શહેરમાંથી પણ સંચારબંધી ઉઠાવી લેવામાં આવી છે. અધિકારીઓનું કહેવું છે કે જે વિસ્તારમાંથી સંચારબંધી ઉઠાવી લેવામાં આવી છે ત્યાં સીઆરપીસીની કલમ ૧૪૪ અમલી રાખવામાં આવી છે.

## યુપીમાં કોંગ્રેસે પ્રચારનું રણશીંગુ ફૂંક્યું




નવી દિલ્હી, તા. ૨૩

ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસ પાર્ટીએ પણ આજે ચૂંટણી પ્રચારનું રણશીંગુ ફૂંકી દીધું હતું. પક્ષના વડા સોનિયા ગાંધી, રાહુલ ગાંધીએ પાર્ટી હેડક્વાટર્સથી ત્રણ દિવસની બસયાત્રા ૨૭ સાલ, યુપી બેહાલને આજે લીલીઝંડી આપી હતી. આ પ્રસંગે કોંગ્રેસના અન્ય ટોચના નેતાઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ઉત્તરપ્રદેશમાં છેલ્લા ૨૭ વર્ષથી એક પછી એક સરકારો લોકોના કામ કરવામાં નિષ્ફળ ગઈ હોવાના આક્ષેપ સોનિયા ગાંધીએ કર્યો છે. કોંગ્રેસ છેલ્લા ૨૭ વર્ષથી સત્તાની બહાર રહી છે. ત્રણ દિવસની આ બસયાત્રા ૬૦૦ કિલોમીટરના અંતરને કાપશે. રાજ્યમાં પાર્ટી બાબતોના ઈન્ચાર્જ રહેલા કોંગ્રેસના નેતા ગુલામનબી આઝાદ, શીલા દિક્ષિત અને અન્યો આ બસમાં મુસાફરી કરશે. જુદા જુદા વિસ્તારમાં આ બસ ફરશે. બસની સાથે ગુલામનબી આઝાદ, શીલા દિક્ષિત ઉપરાંત ઉત્તરપ્રદેશ રાજ્ય એકમના વડા રાજ બબ્બરનો પણ સમાવેશ થાય છે. રસ્તામાં તેઓ જાહેરસભાઓને સંબોધન કરશે. પક્ષના કાર્યકરો સાથે વાતચીત કરશે. આ યાત્રા દરરોજ ચાર જિલ્લાઓને આવરી લેશે અને પ્રથમ દિવસે મોરાદાબાદમાં રોકાશે. જેના ભાગરૂપે પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં મોટાભાગના જિલ્લાઓને આવરી લેશે. ત્યારબાદ આ બસયાત્રા સહાજાનપુર પહોંચશે. જેના ભાગરૂપે રામપુર અને બરેલીને આવરી લેશે. ત્રીજા દિવસે હરદોઈ, કન્નોજ પહોંચશે. ત્યારબાદ આ યાત્રા કાનપુર ખાતે પુરી થશે. આઝાદે કહ્યું હતું કે ઉત્તરપ્રદેશમાં પાર્ટી સરકારની રચના કરવાનો ઈરાદો ધરાવે છે. પાર્ટી ધર્મ અને જાતિના આધાર ઉપર લોકોને વિભાજીત કરવામાં માનતી નથી પરંતુ તેના બદલે લોકોને સંગઠિત કરવામાં માને છે. આ યાત્રા દરમિયાન એકતાના સંદેશાને લોકો સુધી પહોંચાડવામાં આવશે.





**શિક્ષક જોઈએ છે**
માધ્યમિક અને ઉ.મા. માટે
સરસ્વતી વિદ્યાલય
સૅક્ટર-૬ બી, ગાંધીનગર
ફોન : (૦૭૯) ૨૩૨૩૨૧૮૯
મો. ૯૪૨૬૧ ૭૭૧૨૨

**મોકાનો પ્લોટ વેચવાનો છે**
સરગાસણ ચોકડી પાસે
અશ્વમેઘ ભાગ-૨
પ્લૉટ નં. ૧૬ (૩૧૩ વાર) વેચાણથી આપવાનો છે
સંપર્ક
અતુલભાઈ - ૯૪૨૮૫ ૫૧૨૫૪
રવિભાઈ - ૯૩૭૭૨ ૯૮૧૯૮

**VAIBHAV FURNISHINGS INC.**
RETAIL SHOWROOM & FACTORY OUTLET



D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 ,09829719885 ,09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E 76, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

**ગાંધીનગર માટે**
LED TV, LCD TV
રીપેરીંગ માટે
ફોન કરો
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

KHANAK INSTITUTE FOR PERFORMING ARTS - KIPA
**રાસ-ગરબા ક્લાસ**
પારંપારિક તથા આધુનિક શૈલીથી થતાં રાસ-ગરબાની તાલીમ મેળવી, આગામી નવરાત્રી માટે સજ્જ થવા સંપર્ક કરો
ખુશ્બૂ કુલદીપ શુકલ મો.7405117117
પ્લોટ નં.૫૬૧/૨, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર.
ક્લાસીસ ૧ ઓગષ્ટ થી શરૂ
વહેલા તે પહેલા ના ધોરણે મર્યાદિત સ્ટુડન્ટસ લેવામાં આવશે.

**ફ્લેટ વેચવાનો છે**



સે.૨૯, 3BHK, બીજો માળ, ફુલ્લી ફર્નિશ્ડ,
ઘ-૬ની નજીક, તદ્દન નવું બાંધકામ
જાનકી એપાર્ટમેન્ટ
પ્લોટ નં. ૪૦૦, ગાંધીનગર
મો. : ૯૬૨૪૨ ૧૦૩૬૫

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડીયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
**શ્રી ગાયત્રી વોચ કંપની**
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, ગાંધીનગર. મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.